# મોડાસામાં જગતના નાથ ઝરમર વરસાદમાં જગના દર્શનાર્થે નીકળ્યા

## યાત્રાધામ શામળાજી, ધનસુરા અને બાયડમાં ભવ્ય રથયાત્રા : જગન્નાથજી ભગવાન ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી મોડાસામાં ભવ્ય રથયાત્રા નીકળી : અખાડાના કરતબોથી નગરજનો દંગ બન્યા : વરસાદી માહોલ ભક્તોમાં અનેરો ઉત્સાહ : ઠેર ઠેર અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ૩૭મી રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર ઝરમર ઝરમર વરસાદમાં દબદબાભેર નીકળી હતી. ભગવાન બાલકદાસજીના નિજમંદિરેથી નીકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ, બેન્ડવાજા, ઢોલી, અખાડાના કરતબો અને આકર્ષણ જમાવ્યું હતું. મુસ્લિમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરતા કોમી એકતાના દર્શન થયા હતા. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર પરિસરમાં રથયાત્રા નીકળતા મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. ધનસુરામાં જગનના નાથ ભજનકીર્તન સાથે નીકળતા દર્શનાર્થીઓ દર્શનનો લ્હાવો લીધો હતો. બાયડમાં સુંદરપુરાથી દ્વિતીય સમયે નીકળેલ રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં "હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી" જયઘોષથી સમગ્ર જીલ્લામાં વરસતા વરસાદમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. મોડાસા શહેરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા અને શ્રદ્ધાળુઓ દ્વારા ૩૭મી રથયાત્રામાં ભગવાન જગન્નાથને રથમાં બેસાડીને શોભયાત્રા નીકળવામાં આવી હતી. મોડાસા શહેરની શેરીએ શેરીએ જગતના નાથ જગન્નાથ જગના દર્શનાર્થે નીકળતા દર્શનનો લ્હાવો લેવા શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. ચાર રસ્તામાં મુસ્લિમ બિરાદરો અખ્તર ચિસ્તી, રજુ કટકટ, જાકીર બેલીમ, ઈકબાલ વેલ્ડીંગ, શાનું મલેક અને તેમની ટીમે રથયાત્રીઓને આઈસ્ક્રીમથી મોં મીઠું કરાવ્યું હતું. મોડાસા રથયાત્રા માર્ગ પર આંતરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ, લાયન્સ ક્લબ, એફ.સી.સી ક્લબ સહીત વિવિધ સમાજ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તો માટે લીંબુ સરબત, ચા પાણી, નાસ્તો, મિનરલ વોટર, છાસ, ગ્લુકોઝ બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોડાસા રથયાત્રાનું પ્રસ્થાન દેવરાજ ધામના મહંત ધનગિરી મહારાજે કરાવ્યું હતું. પ્રસ્થાન સમયે મહંત કેશવદાસજી મહારાજ (જાલીયાના મઠ), મહામંડલેશ્વર ૧૦૦૮ હરિકિશોરદાસજી મહંત (ખાખચોક શામળાજી), એસપી મયુર પાટીલ, ડીવાયએસપી ફાલ્ગુની પટેલ, નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, અરવલ્લી ક્રેડાઈ પ્રમુખ કમલેશ પટેલ, રથયાત્રા પ્રમુખ કિરીટ સુથાર, મંત્રી ભરત ભાવસાર, દિલીપ ભાવસાર, રમેશ કડિયા, નાન્હાલાલ પ્રજાપતિ, કલાબેન ભાવસાર, જલ્પા ભાવસાર સહીત નગરપાલિકાના કોર્પોરેટરો અને ભાજપ કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા ચાર રસ્તા રથયાત્રા પહોંચતા શહેરના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં નગરજનો અને જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન જગન્નાથના દર્શન કરી "જય રણછોડ માખણ ચોર"ના નારા ગુંજી ઉઠ્યા હતા. ભક્તોએ મગ અને જાંબુનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.







# ડીસામાં ભગવાન જગન્નાથની નગરચર્યા સુખરૂપ સંપન્ન

ડીસા

ભગવાન જગન્નાથની રથયાત્રા પ્રસંગે ગુરુવારે વેપારી મથક ડીસા શહેર પણ 'જય રણછોડ માખણ ચોરના' નાદથી ગુંજી ઉઠ્યું હતું. ડીસા ખાતે શહેરના પ્રાચીન રામજી મંદિરથી ૨૧મી રથયાત્રા નીકળી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી.. શોભાયાત્રાના ૬ કિલોમીટર લાંબા રુટ પર ભક્તોનું ધોડાપુર ઉમટી પડ્યું હતું. અષાઢી બીજ પ્રસંગે દેશભરમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યા કરવા નીકળ્યા હતા.ત્યારે ડીસામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સુભાષ સેવા સમિતિ દ્વારા સતત ૨૧માં વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી.ડીસા શહેરના રામજી મંદિરથી નીકળેલી ભગવાન જગન્નાથની ૨૧મી રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

ગુરુવારે બપોરે ડીસાના રામજી મંદિરથી નીકળેલી રથયાત્રા એસ.સી.ડબલ્યુ. ચાર રસ્તા, અંબિકા ચોક થઈ ભગવાનના મોસાળ સાઈબાબા મંદિર પહોંચી હતી. જ્યાં વિશ્રામ કરી રથયાત્રા નિયત રુટ પર આગળ વધી ફુવારા સર્કલ થઈ મોડી સાંજે નિજ મંદિરે પરત ફરી હતી. આ રથયાત્રામાં લાઈવ ડી.જે., ઘોડા, ઊંટલારીઓ, આનંદ ગરબા મંડળીઓ, ભજન મંડળીઓ, અખાડાઓ સહિત વિવિધ ઝાંખીઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ રથયાત્રાને પ્રસ્થાન કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, પાલિકા પ્રમુખ કાંતિલાલ સોની, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ સહિત અન્ય અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# ખેડબ્રહ્મામાં જગન્નાથજીના યાત્રામાં માનવ મહેરામણ ઉંમટ્યું

ખેડબ્રહ્મા ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા દબદબા ભેર શહેરમાં નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

ગુરૂવાર સવારે રથયાત્રા પહેલા ભગવાનની પૂજા કરવામાં આવી હતી અને મંદિર ઉપર લખુભાઈ અટારા પરિવાર દ્વારા મંદિર ઉપર ધજા ચડાવવામાં આવી હતી ત્યારબાદ રથયાત્રા રાધા કૃષ્ણ મંદિરમાંથી નીકળી હતી. તે સમયે મેઘરાજા વરસી પડ્યા હતા. ચાલુ વરસાદ ભક્તો ભગવાનના દર્શન કરવા માટે પણ અડગ ઉભા રહ્યા હતા. રથયાત્રા મંદિરેથી નીકળી જૂની પોસ્ટ ઓફિસ, જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, મહાકાળી મંદિર, જાનકી સોસાયટી, હનુમાનજી મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, માણેકચોક, શ્રીયાદે ચોક, સરદાર પટેલ ચોક, પેટ્રોલ પંપ, પટેલ સોસાયટી થઈ હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસ્થાને બપોરે ૨.કલાકે પહોંચી હતી. જ્યા ભગવાનનો વિસામો કરવામાં આવ્યો હતો. જ્યાં વિસામના દાતા હસમુખભાઈ મોદી ના ઘરે ભગવાનની પૂજા આરતી અને મામેરૂ ભરવામાં આવ્યું હતું અને ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.



રથયાત્રાના રૂટ ભાવિક ભક્તો દ્વારા ચા નાસ્તો, છાશ, આઈસક્રીમ, શરબત, ઠંડાપીણા, તથા સિવિલ રોડ ના વેપારીઓ દ્વારા શુદ્ધ ઘીનો ડ્રાયફ્રૂટ શીરો ભક્તોને પ્રસાદમાં આપવામાં આવ્યો હતો.

આયોજકો દ્વારા રથયાત્રાના માર્ગમાં ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો રથયાત્રામાં નાસીક ઢોલ ઘોડા ટ્રેક્ટરો એ આકર્ષણ જમાવ્યુ હતું સાંજના સમય રથયાત્રા મોસાળ માં થી નીકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ સુથાર ફળી થઈ નિજ ૬ વાગે મંદિરમાં પરત ફરી હતી રથયાત્રામાં અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ તંત્ર દ્વારા ૧ ડીવાયએસપી, ૩ પીએસઆઈ, ૩૧ પોલીસ,૮ મહિલા પોલીસ, ૬૫ હોમગાર્ડ જવાન દ્વારા બંદોબસ્ત પૂરો પાડવામાં આવ્યો હતો.

# બાયડના વારેણા દૂધ ઉત્પાદક મંડળી ડખામાં, બે જૂથો વચ્ચે અથડામણ

બાયડ, તા. ૪

વારેણા ગામમાં આંતરિક ડખાને લીધે બે જૂથ પડી ગયા છે જેમાં એક જૂથની મહિલાઓ દ્વારા સાબરડેરીમાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીની અલગ માંગ કરી અરજણ શીતકેન્દ્ર આગળ ૮૦૦ લીટર દૂધ ઢોળી સાબરડેરીના નામે છાજીયા લઈ વિરોધ નોંધાવ્યો હતો જેના પગલે ગત રાત્રીએ બે જૂથો સામસામે આવી જતા અને ખુલ્લી તલવારોના એકબીજા જૂથના ટોળા પર ઘા ઝીંકાતા અને લાકડીઓ અને પથ્થરો વડે હુમલો થતા સોપો પડી ગયો હતો. ટોળામાં રહેલા એક વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ થતા તાબડતોડ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો હતો. બંને જૂથના ૧૦ વધુ લોકો ઈજાગ્રસ્ત થતા વાત્રક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જૂથ અથડામણના પગલે બાયડ પોલીસ વારેણા ગામે પહોંચી પરિસ્થિતિ કાબુમાં લીધી હતી બંને જૂથે સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મંગળવારે રાત્રીએ વારેણા ગામમાં દૂધ મંડળીને લઈને જૂથ અથડામણ થઈ હતી જેમાં બંને પક્ષે ભારે નુકશાની ભોગવવાનો વારો આવ્યો હતો.

વારેણા ગામમાં નરેશ જગદીશ ભાઈ પરમાર, મહેશ મોહબતસિંહ પરમાર, જાલમ મોહબતસિંહ પરમાર, રાયસીંગ માધુભાઈ પરમાર, લાલસિંહ નાનસિંહ પરમાર, પ્રકાશ પ્રતાપસિંહ પરમાર, રાહુલ અરવિંદસિંહ પરમાર, ભરત શીવાભાઈ પરમાર, નટુસિંહ માધુસિંહ પરમાર, રમીલાબેન નટુસિંહ પરમાર સોમવારે રાત્રે નંદાબેન વીરાભાઈ પરમારને અરજણ શીતકેન્દ્ર બાયડમાં દૂધ કેમ ઢોળી હાય હાય બોલાવી હતી તેમ કહી ગેરકાયદેસર મંડળી રચી મારી નાખવા શરુ તલવાર, લાકડીઓ અને પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી ગડદાપાટુનો માર મારતા બાયડ પોલીસ સ્ટેશનમાં ભયજી શેતાનસિંહ પરમારે ફરિયાદ નોંધાવતા બાયડ પોલીસે ઉપરોક્ત ૧૦ શખ્સો સામે રાયોટીંગ સહિતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજીબાજુ જગદીશભાઈ સરદારભાઈ પરમારે ભયજી સેતાનસિંહ પરમાર, ભાથીભાઈ સેતાનસિંહ પરમાર, મગનભાઈ મોતીસિંહ પરમાર, વનરાજસિંહ જુઝારસિંહ પરમાર, જીગરસિંહ ભૂપતસિંહ પરમાર, જાલમ કાનસિંહ પરમાર, ભૂપતસિંહ મોતીસિંહ પરમાર, બુધાજી લાલજી પરમાર અને ટોળામાં રહેલા માણસોએ ગેરકાયદેસર મંડળી રચી તલવાર, લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કરતા ૫ લોકોના શરીરે ઈજાઓ પહોંચી હોવાની સાથે સંજય બલવંતસિંહ પરમારના ગાળામાં પહેરેલા સોનાના દોરાની લૂંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા બાયડ પોલીસે ૮ શખ્સો અને ટોળા સામે રાયોટીંગ ગુન્હા દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





### રાજેન્દ્રનગર ચોકડીથી આઈ-૧૦

# કારમાં વિદેશી દારૂની ૮ બોટલો સાથે પ્રાંતિજના બે વકીલને દબોચતી પોલીસ

શામળાજી, તા. ૪

ગુજરાતમાં દારૂબંધી હોવાથી વિદેશી દારૂ પીનાર શોખીનો શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાં આવેલી હોટલો અને દારૂના ઠેકા પર પહોંચી દારૂની મહેફિલ જમાવી પરત ફરતા હોય છે. રાજાપાઠમાં અનેક લોકો અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની અડફેટે ચઢતા હોવાથી જેલની હવા ખાવાનો વારો આવે છે. રાજસ્થાનમાં ગુજરાત કરતા અડધી કિંમતે વિદેશી દારૂ મળતો હોવાથી દારૂના શોખીનો પરત ફરતી વખતે એક બે બોટલ વાહનમાં સંતાડીને લઈ આવતા હોવાની વાત જગજાહેર છે.

મોડાસા રૂરલ પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજેન્દ્રનગર ચોકડી પર બાતમીના આધારે શામળાજી તરફથી આવતી આઈ-૧૦ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની ૫ બોટલો સાથે પ્રાંતિજના બે વકીલને ઝડપી પડી બંને શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દારૂ સાથે ઝડપાયેલ બંને શખ્સ વકીલ હોવાથી પોલીસ કર્મીઓ અચંબિત બન્યા હતા.

મોડાસા રૂરલ પોલીસે મંગળવારે સાંજના સુમારે શામળાજી તરફથી વિદેશી દારૂ ભરી કાર પસાર થવાની બાતમીના આધારે પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પર નાકાબંધી કરી બાતમીના આધારે આવતી આઈ-૧૦ કારને અટકાવી કારમાં તલાસી લેતા કાર (ગાડી.નં-જીજે.૯.બીડી. ૬૮૪૩)માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૮ કીં. રૂ.૫૦૦૦ જપ્ત કરી આઈ-૧૦ કારની કીં. રૂ.૩૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૬૦૦૦ બંને પાસેથી મળી આવેલ રોકડ રકમ-૨૦૫ રૂપિયા મળી કુલ રૂ.૩૧૧૨૦૫નો મુદ્દામાલ જપ્ત કરી જગદીશકુમાર સોમાલાલ બારોટ (રહે,નાની ભગોળ, પ્રાંતિજ) અને કિરીટકુમાર અમીચંદભાઈ રોહિત (રહે, જયઅંબે સોસાયટી, પ્રાંતિજ)ને ઝડપી પાડી મોડાસા રૂરલ પોલીસે બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને બંને શખ્સો પાસેથી એડવોકેટના લાઈસન્સ મળી આવ્યા હતા.

# ડાલવાણામાં બંધ મકાનના તાળાં તુટ્યા : બંધ મકાનમાં તસ્કરોને હાથે કંઈ ન લાગતાં શાલો ઉઠાવી ગયા

ડાલવાણા ગામમાં બુધવારની રાત્રીના સમયે કોઈક અજાણ્યા શખ્સો દ્વારા બંધ મકાન ના તાળા તોડી ને ઘરમાં પ્રવેશી ને ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ મકાન માલિક વર્ષોથી ધંધા અર્થે અમદાવાદ ખાતે રહેતા હોવાથી ઘરમાં તસ્કરોને હાથે કંઈ ન આવતાં બંધ મકાનમાંથી પાંચ શાલો ઉઠાવી ગયા હતા. સવારે આસપાસના લોકોને થતાં અમદાવાદ રહેતા મકાનના માલિક મહેન્દ્રભાઈ શ્રીમાળીને જાણ કરાઈ હતી મહેન્દ્રભાઈ શ્રીમાળી ડાલવાણા દોડી આવીને ને તપાસ કરતાં ઘરમાં પડેલ શાલો તસ્કરો લઈ ગયા હતા.

પોલીસ દ્વારા તપાસ હાથ ધરી હતી ત્યારે આ બાબતે છાપી પોલીસને પુછતાં છાપી પોલીસ મથકના ફરજ પરના પોલીસકર્મી દ્વારા કોઈ જ ફરીયાદ થઈ ન હોવાનું જણાવાયું હતું.

# અરવલ્લીના અંતરિયાળ વિસ્તારમાં પ્રેમીને તાલિબાની સજા

ભિલોડા, તા. ૪

પ્રેમમાં અંધ બની પ્રેમી-પંખીડા ફરાર થઈ જતા હોવાની ઘટનાઓમાં પરિવારજનોના હાથે પકડાઈ ગયા પછી પ્રેમી-પંખીડા સાથે પરિવારજનો અને ગ્રામજનો દુર્વ્યવહાર કરવાની સાથે જાહેરસ્થળ પર લાવી તેમની સાથે તાલિબાની સજા કરવામાં આવતી હોવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં એક ગામમાં યુવક-યુવતીની આંખ મળી જતા પ્રેમી-પંખીડા ભાગી જતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી પ્રેમી-પંખીડા પકડાઈ જતા પ્રેમની સજા ભોગવવી પડી હતી. પ્રેમી-પંખીડાનું મોઢું કાળું કરી જૂતાંનો હાર પહેરાવી તાલિબાની સજા ફટકારતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા ચકચાર મચી હતી.

ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આજુબાજુ ગામના યુવક-યુવતીની આંખ મળી જતા પ્રેમ પાંગર્યો હતો.

થોડા સમયમાં પ્રેમ સંબંધ ગાઢ બનતા બંને પ્રેમી-પંખીડા તેમના પરિવારજનો તેમના પ્રેમનો સ્વીકાર નહિ કરે ના ડરથી સાથે જીવન જીવવાનો નીર્ધાર સાથે થોડા દિવસ અગાઉ ભાગી જતા યુવક-યુવતીના પરિવારજનોમાં ચકચાર મચી હતી અને પરિવારજનોએ શોધખોળ હાથ ધરાતા બંને પ્રેમી-પંખીડા પકડાઈ જતા ગામમાં લાવી જૂતા પહેરાવી બંનેને કાળા કલરથી એકબીજાનું મોઢું કાળું કરવા મજબુર કર્યા હતા.

આજુબાજુમાં ઉભેલા લોકો બંનેની સ્થિતિનો વિકૃત્ત આનંદ ઉઠાવવાની સાથે વિડીયો પણ મોબાઈલમાં ઉતારતા સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ નજરે જોઈ શકાય છે. સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોએ અરવલ્લી જીલ્લામાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. બંને પ્રેમી-પંખીડા કયા ગામના છે તે જાણવા ભારે પ્રયત્નો આદર્યા હતા.



# ગુરૂબ્રાહ્મણ સમાજનું અપમાન કરનારા અધિકારી સામે કાર્યવાહી કરવા માંગ

પોલીસની પરીક્ષાના પ્રશ્નપત્રમાં પેપર કાઢનારા અધિકારીએ એક પ્રશ્નના જવાબના ઓપ્શનમાં ગુરૂ બ્રાહ્મણ સમાજ માટે પ્રતિબંધિત શબ્દનો ઉપયોગ કરી સમગ્ર સમાજનું અપમાન કર્યુ હતુ. આ અધિકારી સામે કાયદેસર પગલા ભરવા માટે બનાસકાંઠા ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા મંગળવારે જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતુ કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આ સમાજને સન્માનિત કરી ગુરૂ બ્રાહ્મણ શબ્દ આપવામાં આવેલો છે. જેમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્રથી આ શબ્દ પ્રયોજવા પરિપત્ર કરાયો છે.

# ડીસા એસ.ટી. ડેપોના કંડકટરનો વિદાય સમારોહ યોજાયો

ડીસા

ડીસા એસ.ટી.ડેપોના કંડકટર મંગળદાસ પ્રજાપતિ વયમર્યાદાના લીધે સેવા નિવૃત થતા એસ.ટી. મજદૂર સંઘના ડીસા ડેપો યુનિટ તેમજ ડેપો પરિવાર દ્વારા આજે તેમને ઉષ્માભર્યું વિદાયમાન અપાયું હતું. ડીસાના નવા બસસ્ટેન્ડ ખાતે ડેપો મેનેજર ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયેલા નિવૃત્તિ સન્માન સમારોહમાં ભારતીય મજદૂર સંઘના ગુજરાત પ્રદેશ એકમના અધ્યક્ષ ઘનશ્યામભાઈ બ્રહ્મક્ષત્રિય, પ્રદેશ ઉપાધ્યક્ષ નિરંજનભાઈ શ્રીમાળી, પીઢ અગ્રણી ગોવિંદભાઈ દવે, પૂર્વ વિભાગીય નિયામક સી.બી. લીંબાચીયા, પત્રકાર વસંતભાઈ ગોસ્વામી તેમજ અન્ય અગ્રણીઓ, સેવા નિવૃત થઈ રહેલા મંગળદાસ પ્રજાપતિના પરિવારજનો, અન્ય આમંત્રિત મહેમાનો તેમજ ડેપો પરિવારની ઉપસ્થિતિમાં એકદમ ભાવવાહી માહોલ વચ્ચે યોજાયેલા નિવૃત્તિ સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ સતત ૩૭ વર્ષ સુધી એસ.ટી.નિગમમાં કંડકટર તરીકે ફરજ બજાવી સેવા નિવૃત થઈ રહેલા મંગળદાસ પ્રજાપતિની ફરજનિષ્ઠાને બિરદાવી તેમનું નિવૃત જીવન નિરામય રીતે વ્યતીત થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.મૂળ પાટણ નજીકના સાગોડીયા ગામના વતની મંગળદાસ પ્રજાપતિ છેલ્લા ૩૫ વર્ષથી ડીસા ડેપોમાં ફરજ બજાવતા હતા. કુલ ૩૭ વર્ષના ફરજકાળ દરમ્યાન તેમની વિરુદ્ધ એક પણ ડિફોલ્ટ કેસ નોંધાયો નથી એ જ તેમની પ્રામાણિકતા અને ફરજનિષ્ઠાની ગવાહી આપે છે.

